ગાંધીનગર સમાચાર





## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

*કુટુંબમાં કરાવે કલેશ રાજકારણ!*
*રચે મહાભારત સત્તાનું રાજકારણ!*
*રાજકારણ વાવે વિષ ભાઈ-ભત્રીજામાં -*
*ચાંપે ચિનગારી સંબંધોમાં રાજકારણ!*
*(મુલાયમનો ખરબચડો માર્ગ)*

હાઈકુ

*જમાડયાં ન્હોય!*
*મા-બાપ ને પ્રેમથી -*
*વાસ તો નાખો!*
*(શ્રાદ્ધ-શ્રદ્ધાનો વિષય)*

*લાગણી-પ્રેમ,*
*દેખે ત્યાં જ પિતૃઓ -*
*રાખે અપેક્ષા...*
*(પુરાણોમાં પિતૃઓ પૂજનીય)*

### ચિંતન

*ધનેન કિં યો ન દદાતિ નાશ્નુતે, બલેન કિં યશ્ચ રિપુન્ન બાધતે ।*
*શ્રૂતેન કિં યો ન ચ ધર્મ માચરેત, કિમાત્મના યો ન જિતેન્દ્રિયો ભવેત ॥*

જે વ્યક્તિ પોતાની પાસે રહેલ ધન-સમૃદ્ધિનો સદુપયોગ કરતો નથી કે તેનો પોતાની જાત માટે-સુખ-સુવિધા માટે ઉપભોગ કરતો નથી તે ધન હોય ન હોય એનું શું પ્રયોજન?

અન્યાયી દુશ્મનો સામે ન્યાય મેળવવા જે યુદ્ધ કરતો નથી એની પાસે શક્તિ હોય કે ન હોય એનું શું પ્રયોજન?

જે જ્ઞાની અને શાસ્ત્ર હોય છતાં જે જીવન-વ્યવહારમાં તેનું આચરણ કરતો નથી એ જ્ઞાન-સમજનું શું પ્રયોજન?

જે શારીરિક રીતે શક્તિમાન હોય પણ પોતાના બળ અને ઈન્દ્રિયો પર જો પોતાનો સંમય ન હોય તો એ બળ-શક્તિનું શું પ્રયોજન?

### સુવિચાર

- ઈચ્છાઓથી મુક્ત થવું તે ધ્યાન - **સ્વામી રામતીર્થ**
- વિજય તો ત્યારે મળે છે જયારે દરેક પ્રજાજનના દિલમાં વસી જાય કે આ યુદ્ધ તેમનું છે - **સરદાર પટેલ**
- સજ્જન હોવા માટે દેવદૂત હોવાની જરુર નથી - **બર્મીઝ કહેવત**
- દુનિયામાં જે મફત લઈએ છીએ એનું ઋણ બેવડું ચૂકવવું પડે છે - **શરદચંદ્ર**
- માણસના મનની ચંચળતાનો કોઈ અંત જ નથી - **એસ. ભટ્ટાચાર્ય**
- જે માણસમાં સાચા ન્યાયની સંપૂર્ણ સમજ છે તેને જ અન્ય પર અધિકાર ચલાવવાનો હક છે - **અરવિંદ**
- ઉન્નતિ કરવી હોય તો તૃણવત્ નમ્ર, વૃક્ષવત્ સહિષ્ણુ અને સૂર્યમુખીની જેમ નિષ્ઠાવાન બનો - **સાધુ વાસવાણી**
- આજનું ઔષધ : અજમો અને ગોળ ૨ ગ્રામ સવાર-સાંજ ચાવીને ખાવાતી કમળામાં રાહત થાય છે

**(સંકલન : દિપક વી. આસરા)**

### બોધકથા

આજકાલ 'દારૂબંધી' માટે સરકારો 'કડક' થવાનાં અનેક પગલાં લે છે પણ સફળતા મળતી નથી - કોઈ પણ વ્યસન-ગુન્હાઓ દૂર કરવા માટે નકારાત્મક પગલાં ભરવાને બદલે 'હકારાત્મક' પગલાં લેવાથી તેના પરિણામ તરત જોવા મળે છે.

એક ગામમાં એક યુવાનના લગ્ન એક વિદુષી નારી સાથે થયાં.

હવે એજ દિવસે ગામમાં એક સભા હતી જેમાં રાત્રે તો ઠીક પણ દિવસ પણ અંધકાર ભર્યો રહેતો હતો. કોઈએ - વડીલે ઉપાય બતાવ્યો 'અંધકાર'ના ટોપલા ભરી દૂર નદીમાં નાખી આવીએ! વિદુષી સ્ત્રી હસી - અને કહ્યું, સૂકાં પાંદડાં લાકડાં એકઠાં કરો - અને ચકમકતા પથ્થર ઘસી અગ્નિ પેદા કર્યો - એ અગ્નિથી પાંદડાં - લાકડાં સળગાવ્યાં - દિવસ જેનું અજવાળું થયું...

વડીલે તેને નજીક બોલાવી પૂછ્યું બેટા! તેં આ શું અને કેવી રીતે કર્યું?

યુવતી કહે - દાદા દુષ્કર્મો-પાપ-વ્યસન સામે લડવા કરતાં બાળકોમાં પ્રથમથી જ સંસ્કાર-સદ્ગુણો આપવાથી આવશે જ નહીં.

# જનની જન્મભૂમિશ્ચ સ્વર્ગાદપિ ગરીયસી

ભગવાન રામચંદ્રે લંકાવિજય કર્યા પછી એમને સોનાની લંકામાં વસી જવું નહોતું ગમ્યું. લઘુબંધુ લક્ષ્મણને એમને જે શબ્દો કહ્યા હતા તે હૈયે કોતરી રાખવા જેવા છે : હે લક્ષ્મણ, ભલે સોનાની હોય, છતાં મને લંકામાં રહેવું ન ગમે. મારે મન જનની અને જન્મભૂમિ સ્વર્ગથી પણ ચડિયાતી છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીને પણ દિલ્હી વિજય પછી ગુજરાત તો સાંભળતું હોય. વખત આખરે વતન છે. મુખ્યમંત્રી બન્યા પછી એ વડનગર ગયા ત્યારે ગળગળા થઈ ગયેલા. આખરે જન્મભૂમિ કોને કહી છે! જન્મદિવસની ઉજવણી કરવા વડાપ્રધાન અવનવા કાર્યક્રમો ઊભા કરે છે. એમનું ભેજું ઘણું જ ફળદ્રુપ છે. ૬૭મો જન્મદિવસ તેઓએ 'દિવ્યાંગો' સાથે ઊજવીને એની પ્રતીતિ કરાવી છે. દિવ્યાંગો સાથે જ કેમ, પૂર્વ પટ્ટીના આદિવાસીઓ સાથે પણ. લીમખેડામાં વિશાળ આદિવાસી સંમેલન યોજી અનેક યોજનાઓની જાહેરાત કરીને એમણે કોંગ્રેસની વોટબેંક ગણાતા આ વનવાસી વિસ્તાર પર વહાલ વરસાવ્યું છે. એ જ પંથકના સાંસદને પોતાની કૅબિનેટમાં રાજયકક્ષાના મંત્રી તરીકેને એમણે કોંગ્રેસની વોટબેંક ગણાતા આ વનવાસી વિસ્તાર પર વહાલ વરસાવ્યું છે. એ જ પંથકના સાંસદને પોતાની કૅબિનેટમાં રાજયકક્ષાના મંત્રી તરીકે સમાવી આદિવાસી પ્રજાને ગર્ભિત રાજકીય સંદેશ પણ આપી દીધો છે. ગુજરાતમાં પુનઃ ભારતીય જનતા પાર્ટીનું શાસન સ્થપાય તેની તમામ જવાબદારી વડાપ્રધાને જાણે પોતાના શિરે લઈ લીધી છે. છેલ્લા બે-અઢી દાયકાથી પાટીદાર સમાજ અને ભારતીય જનતા પાર્ટી એકમેકના પર્યાય જેવા બની રહ્યાં હતા, આજે પરિસ્થિતિ બદલાઈ છે. કેશુભાઈ પટેલ જેવા મહારથી પાટીદાર નેતાને સત્તા પરથી ખસેડીને મુખ્યમંત્રી પદ હાંસલ કરનાર મોદીએ ગુજરાતના મુખ્યમંત્રીપદના સમયગાળામાં વૈકલ્પિક નેતાગીરી ઊભી કરવા આકાશપાતાળ એક કર્યા છતાં કેશુભાઈ જેવા કદાવર નેતાનો વિકલ્પ શોધી શકાયો નથી. હવે જયારે પાટીદારોમાં ભાજપ સાથે રહેવું કે કેમ એ મુદ્દે ભારે અવઢવ પ્રવર્તી રહી છે ત્યારે નરેન્દ્ર મોદીનું ગુજરાત ભ્રમણ આ વિષય પરત્વે પ્રત્યક્ષ જાણકારી કરવાના હેતુસર પણ હોઈ શકે. એમણે ઉત્તર ગુજરાતના પાટીદારોની જવાબદારી તો નીતિન પટેલ અને આનંદીબેન પટેલને સોંપી દીધી છે અને એમાં ઝાઝી સફળતા મળવા અંગે શંકા હોવાથી 'ઓબીસી' સમાજને સાથે લેવાની વ્યૂહરચના પણ અમલમાં મૂકી છે, પરંતુ સૌરાષ્ટ્રના પાટીદારોનું એપીસેન્ટર કે કંટ્રોલ પોઈન્ટ સુરત છે, એની રગ

### તંત્રીસ્થાનેથી...

પારખવા મોદીએ દક્ષિણ ગુજરાતમાં જલાલપોર (નવસારી) ખાતે દિવ્યાંગો સાથે જન્મદિવસ ઊજવવાનો ઉપક્રમ વિચાર્યો હોવો જોઈએ. 'વિકલાંગ'ના પર્યાય લેખે 'દિવ્યાંગ' શબ્દ ખુદ નરેન્દ્ર મોદીની જ શોધ છે. કુદરતી ખોડ છતાં માનવીય ક્ષમતાનો હિસાબ આપી જાણનારાં વસુંધરાનાં વહાલાંદવલાં સાથે જન્મદિવસ ઊજવનારા વડાપ્રધાને એકી સાથે કેટલાં નિશાન તાક્યાં છે! પરંતુ એનો આરંભ કર્યો ગાંધીનગરના નગરદેવતા-પંચદેવનાં દર્શન કરીને. વયોવૃદ્ધ માતાના આશીર્વાદ લઈને. એક સાધારણ પરિવારના અભાવગ્રસ્ત વાતાવરણમાં બાળપણ વિતાવી આજે વિશ્વનેતાની ઊંચાઈ આંબનાર નરેન્દ્રભાઈ એમનાં રૂટ્સ - મૂળિયાં ભૂલ્યાં નથી, તે મહત્ત્વની બાબત છે. એમના માટે ગુજરાત દિલ્હી જેટલું જ મહત્ત્વ ધરાવે છે. પોતાના પગ તળેથી ધરતી સરકી ન જાય એની આગોતરી વ્યવસ્થા કરવા માટે એમણે જન્મદિવસની ઉજવણીનો પણ કેવો સુભગ વિનિયોગ કરી દીધો! હવે એ વારંવાર ગુજરાતની મુલાકાતે આવતા જ રહેશે, કારણ કે ૨૦૧૯માં દિલ્હી સર કરવા માટે ૨૦૧૭માં ગુજરાત કબજે કરવું જરુરી છે!

# એક લાખથી વધુ વૃક્ષોનું આરોપણ કરતાં રાધિકા આનંદ




### નાને દીવડે દિવાળી

અનિતા તન્ના

નવી દિલ્હી ખાતે રહેતાં ૫૨ વર્ષનાં ગૃહિણી રાધિકાબહેન આનંદે એક વર્ષમાં એક લાખથી વધુ ફળોના વૃક્ષોનું આરોપણ કર્યું છે. આ વૃક્ષોમાં આંબો, આંબલી અને જાંબુનાં વૃક્ષોનો સમાવેશ થાય છે. આ વૃક્ષો ઉત્તર ભારત, રાજસ્થાન અને મહારાષ્ટ્રની લશ્કરી છાવણીમાં રોપાયાં છે. આ માટે જે ખર્ચ થયો તે તેમણે પોતાના ગજવામાંથી કાઢ્યો છે તો મિત્રોએ પણ તેમને આર્થિક સહયોગ કર્યો છે. હવે તો લશ્કરી છાવણીના સંચાલકો પણ તેમની સાથે છે

રાધિકાબહેને ૨૦ વર્ષ પહેલાં પ્લાન્ટોલૉજી નામની સંસ્થાની સ્થાપના કરી હતી. આ સંસ્થાએ નવી દિલ્હીસ્થિત પર્યાવરણ મંત્રાલય અને અન્ય સામાજિક સંસ્થાઓ સાથે મળીને પર્યાવરણના જતન માટેના ઘણા વર્કશોપ કર્યા છે. તેમણે ભારતીય યુવાનો માટે પર્યાવરણના રક્ષણ અને મજબૂત તેમજ સ્વસ્થ ઈકોસિસ્ટમ માટે ચર્ચા કરવા માટેનો ખાસ કાર્યક્રમ પણ યોજ્યા હતા. ૨૦૦૬થી આજ સુધી તેમણે દિલ્હી સરકારની ભાગીદારીમાં પર્યાવરણના જતન માટે ૫૦૦થી વધુ વર્કશોપ કર્યા છે.

પ્લાન્ટોલોજી સંસ્થા પોતાના મિશન અંતર્ગત ફળ ઉત્પાદન કરતા વૃક્ષોનું આરોપણ કરે છે. આ યોજનાનો ઉદ્દેશ આવનારી ભવિષ્યની પેઢીને ફળો મળી રહે, તેમને લીલોતરી જોવા મળે અને વાતાવરણમાં પૂરતા પ્રમાણમાં ઑક્સિજન મળી રહે તે છે.



પોતાના હેતુની સફળતા માટે રાધિકાબહેને લશ્કર સાથે ભાગીદારી કરી છે અને લશ્કર પણ વૃક્ષોની જાળવણી કરવામાં મદદ કરી રહ્યું છે. રાધિકાબહેન વર્કશોપમાં જેટલા રૂપિયા મળે છે તે બધા રૂપિયા પોતાના વૃક્ષારોપણ કાર્યક્રમમાં ખર્ચ કરી દે છે.

આવતા વર્ષ સુધીમાં રાધિકાબહેનની બે લાખ વૃક્ષારોપણ કરવાની યોજના છે. સૌથી વધારે વૃક્ષો શહીદ થયેલા જવાનોની સ્મૃતિમાં રોપાશે.

(રા મિડિયા પોઝિટિવ સંકલન)

# ૨૧મી સદીમાં પદયાત્રા : શ્રદ્ધા કે અંધશ્રદ્ધા?

આપણો દેશ અનેક વિચિત્રતાઓથી ભરેલો છે. વૈદિક સમયથી આ દેશની સંસ્કૃતિએ વિશ્વની તમામ સત્તાઓને પોતાની તરફ આકર્ષી છે. અહીની સંસ્કૃતિ, સમાજ, સંસ્કાર, શિક્ષણ, રાજનીતિ, વ્યવસ્થા આ બધુ હંમેશાં વિશ્વના અન્ય દેશો માટે આશ્ચર્ય બની રહ્યું છે. અને એટલે જ વિદેશી લોકો પણ છસો વર્ષ પહેલા થઈ ગયેલા નરસિંહ-મીરાંના જીવન વિશે એના ચમત્કારો વિશે સંશોધન કરવા આવે છે.

આપણી સંસ્કૃતિનો મુખ્ય આધાર શ્રદ્ધા છે. આપણા વેદોમાં ૩૩ કોટિ દેવતાઓને માન્યતા મળેલી છે આ ૩૩ કરોડ દેવતા એટલે એમ માની શકાય કે એ વખતે વિશ્વ આખામાં જીવોની વસ્તી ૩૩ કરોડ હશે. દરેક જીવોમાં ઈશ્વર વસે છે. અને આ ઈશ્વરિય શક્તિની પૂજા અર્ચના એ આપણી સંસ્કૃતિ, પરંપરા – રૂઢિ બની ગઈ છે. જો કે જાતિગત વર્ણ વ્યવસ્થાની જેમ આ ૩૩ કરોડ દેવતાની વર્ણ વ્યવસ્થા પણ હિંદુત્વને એકતા કરતા અનેકતામાં વિભાજિત કરી દે છે. મૂળ શક્તિ એક જ છે. એના જ વિવિધ રૂપ છે. એવું લોકોના માનસમાં એ સમયે પ્રસ્થાપિત કરી શકાયું નથી તેથી સૌ પોતપોતાના દેવ દેવીઓ પ્રત્યે શ્રદ્ધા રાખીને પૂજા અર્ચના કરે છે.

જો કે ઈશ્વરના અસ્તિત્વ સામે અનેક પ્રશ્નો છે. પરંતુ કોઈ ઈશ્વરિય શક્તિ બ્રહ્માંડનું સંચાલન કરી રહી છે. એ પણ વૈજ્ઞાનિક રીતે સિદ્ધ થયેલી હકિકત છે. તેથી આ ઈશ્વરિય શક્તિને દૈહિક બનાવીને કોઈ ને કોઈ સ્વરૂપે આપણી સામે રજુ કરવામાં આવી છે. અને આપણે એ પથ્થરની મૂર્તિને કે ફોટાને કે વ્યક્તિને કે કોઈપણ ચીજવસ્તુને ઈશ્વર માનીને યૂગોથી આરાધના કરતા રહ્યા છીએ. અને આ શ્રદ્ધાને કારણે આપણી સામાજિક, પારિવારિક વ્યવસ્થા સરખી રીતે જળવાઈ રહે છે એવું આપણે દઢપણે માનતા થઈ જઈએ છીએ. પરંતુ આ શ્રદ્ધા જયારે અંધશ્રદ્ધા બને છે ત્યારે પરિવાર અને સમાજમાં અનેક પ્રશ્નો ઊભા કરે છે. કેમ કે શ્રદ્ધા અને અંધશ્રદ્ધા વચ્ચેનો ભેદ જાણવો એ અત્યંત કઠિન બાબત છે. ધાર્મિક અંધશ્રદ્ધા મોટેભાગે આખી સામાજિક વ્યવસ્થાને બગાડતી હોય છે. અને આવી જ એક ધાર્મિક અંધશ્રદ્ધાનું ઘોડાપૂર એટલે આપણા દેશના વિવિધ ધાર્મિક સ્થળોએ યોજાતી પદયાત્રાઓ, પરિક્રમાઓ છે.

ગુજરાતના સુપ્રસિદ્ધ યાત્રાધામ "અંબાજી" માં ભાદરવી પુનમનો મેળો ખૂબ જ વિખ્યાત છે. આરાસૂર પર્વત પર બિરાજમાન મા અંબાનું આ સ્થાન ખુબ જ પવિત્ર અને પાવન માનવામાં આવે છે. જેના દર્શન માત્રથી જનમ જનમના પાપ નાશ પામે છે એવું કહેવાય છે. આ પર્વતના સાનિધ્યમાં અંબાજીમાતાનું તીર્થસ્થાન આવેલું છે કે જે પુરાણાનુસાર શિવ પત્ની સતી પાર્વતીના મૃતદેહના ૫૧ ટુકડાઓમાંથી હદયનો ટુકડો જ્યા પડ્યો હતો એ સ્થાન એટલે મા અંબાજીમાતાનું આ સ્થાનક. જે ૫૧ શક્તિપીઠોમાંની એક મુખ્ય શક્તિપીઠ ગણાય છે. અહીં ભગવાન શ્રી કૃષ્ણ, પાંચ પાંડવો, શ્રી રામ, લક્ષ્મણ, સીતા વગેરે અહીં આવી ગયાના ઉલ્લેખો પણ પુરાણોમાં મળે છે.

આવા ઐતિહાસિક - ધાર્મિક મહત્વ ધરાવતા "અંબાજીધામનો ભાદરવી પૂનમનો મેળો લગભગ ૧૭૬ વર્ષની પરંપરા ધરાવતો હોવાનું મનાય છે. ૧૭૬ વર્ષ પહેલા અમદાવાદમાં પ્લેગનો રોગચાળો ફાટી નીકળતા અનેક લોકોને મરતા જોઈને શેઠ હઠિસિંહે પ્લેગમાંથી લોકોને બચાવવા મા અંબાની "ચાલીને દર્શને આવવાની " માનતા રાખેલી અને એ ફળિભૂત થતા એ પદયાત્રા પરંપરા બની ગઈ એવું માનવામાં આવે છે.

જો કે આ પદયાત્રા આજે શ્રદ્ધા કરતા અંધશ્રદ્ધા વિશેષ બની રહી છે. દર વર્ષે ભાદરવી પૂનમને દિવસે અંબાજી પહોંચાય એવી રીતે જુદા જુદા શહેરોથી પદયાત્રાઓ આરંભાય છે. અને ધીમે ધીમે એક મહામાનવમેળાનું રૂપ ધારણ કરે છે. છેલ્લા કેટલાક વર્ષોથી રાજ્ય સરકાર, સેવાભાવી સંસ્થાઓ, વ્યક્તિઓ આ પદયાત્રા સંદર્ભે વ્યવસ્થામાં લાગી જાય છે. આ પદયાત્રામાં આખા ગુજરાતના શહેરોમાંથી તથા અન્ય રાજ્યોમાંથી પણ લોકો ચાલતા ચાલતા જોડાય છે.



### મોરપીંછના રંગ

ડો. કનૈયાલાલ ભટ્ટ

તો વળી કોઈ ગલોટિયા ખાતા ખાતા, કોઈ પાછા પગલે, કોઈ દંડવત કરતા કરતા, કોઈ સૂતા સૂતા પડખા ફરતા ફરતા, કોઈ પગમાં ચપ્પલ પહેર્યા વિના ખુલ્લા પગે એમ વિવિધ રીતે પોતાની શ્રદ્ધા કે અંધશ્રદ્ધા પ્રમાણે શરીરને કષ્ટ આપીને આ પદયાત્રા પૂર્ણ કરે છે. જો કે આપણા શાસ્ત્રોમાં શરીરને કષ્ટ આપીને ભક્તિ કરવાની તપ ધ્યાન કરવાની એક પરંપરા છે. ઋષિમૂનિઓ પણ આવા કષ્ટદાયી તપ ધ્યાન કરતા હતા. પરંતુ આજે ૨૧મી સદીમાં શરીરને કષ્ટ આપવાની વાત શ્રદ્ધા કરતા અંધશ્રદ્ધા વધુ લાગે છે. માતાજીને રિઝવવા શરીરને કષ્ટ આપવું એવું કોઈ ધર્મ કે ગ્રંથોમાં નથી લખ્યું. જરા ઊંડાણપૂર્વક વિચારીશું તો ચોક્કસ સમજાશે કે આવી પદયાત્રાઓથી પરિવાર, સમાજ. રાજ્ય કે રાષ્ટ્રને લાભ કરતા નુકશાન વધુ થાય છે. કેમ કે એની પાછળ આખું તંત્ર કામે લગાડવું પડે છે. છેલ્લા થોડા વર્ષોથી તો આ પદયાત્રા સરકારી અને સેવાભાવી સંસ્થાઓની વ્યવસ્થાનો એક ભાગ બની રહી છે. એનું સરકાર દ્વારા પૂરતું ધ્યાન પણ રખાય છે.

આપણો દેશ અન્ય દેશોની સરખામણીએ એટલે જ કદાચ પાછળ છે. આપણે હજીએ ૨૧મી સદીમાં આવી ગયા હોવા છતાંય ૧૭૬ વર્ષ પહેલાની પરંપરાને અરબો રૂપિયાનું નૂકશાન વેઠીને પણ, કોઈપણ પ્રકારના નૂકશાનની પરવા કર્યા વિના નિભાવીએ છીએ. અને આપણી આ અતિ સંવેદનશીલ સંસ્કારિતા આપણને ૨૧મી સદીમાં અને વિશ્વના બીજા દેશોની હરોળમાં ક્યારેય લઈ જશે નહીં. એ એક કડવું સત્ય છે, જે રીતે આપણે આપણી સંસ્કૃતિનું ગૌરવ લઈએ છીએ તે રીતે આવું ગૌરવ લેતા રહીશું અને દર વર્ષે ચાલીને અંબાજી જતા રહીશું. અને બોલતા રહીશું "જય અંબે"

**- 9426060601.india@gmail.com**

# કાવેરી... કાશ્મીર... કપિલ... કાકા... કેજરીવાલ : કકળાટ ચાલુ આહે...!!!

વરસાદની અનિશ્ચિત બેટિંગ અને પાણીની પડી રહેલી કિલ્લતના પ્રતાપે એક વાત તો ચોક્કસ હતી કે આગામી યુદ્ધ પાણીના કારણે થશે. આ યુદ્ધ તો થશે ત્યારે થશે પણ ગયા સપ્તાહે આખાયે દેશે એનું મીની ટ્રેલર તો જોઈ જ લીધું. કાવેરી નદીના પાણીની વહેચણીની ૧૩૫ વર્ષ જેટલી જૂની આ બબાલમાં બે રાજ્યો તામીલનાડુ અને કર્ણાટકના લોકો રીતસર ચાઈના અને અમેરિકા યુધ્ધે ચડ્યા હોય એવા ભયંકર અંદાજમાં ઝગડી પડ્યા...અને કારણ શું ? તો કહે પાણી...! સુક્કા સૌરાષ્ટ્રમાં ભૂતકાળમાં અને અત્યારે પણ પાણીની એક ડોલ માટે માથા રંગી નાખવાના બનાવો બને છે પણ શિક્ષિત અને પ્રોગ્રેસીવ કહેવાતા બેંગ્લોર જેવા નગરના લોકો પણ જે રીતે રસ્તા પર ઉતરી આવીને ભયંકર તારાજી સર્જી એ દ્રશ્યો જોઈને જ જરા નવાઈ સાથે આઘાત લાગ્યો. સુપ્રીમે તમિલનાડુને વધારે પાણી આપવા કર્ણાટકને આદેશ આપ્યો ત્યાર બાદ સોમવારે બેંગલુરુમાં હિંસક ટોળાએ શહેર બંધ કરાવીને તોફાનીઓએ તમિળ લોકોની માલિકીના બિઝનેસને નિશાન બનાવીને તામિલનાડુનાં વાહનો, મિલકતો સળગાવી મૂકી. તો બિલકુલ એ જ રીતે તામીલનાડુમાં કર્ણાટકના લોકો પર ગુસ્સો ફાટી પડ્યો એ તો ઠીક પણ ફિલ્મ સ્ટારો અને નેતાઓ કે પ્રતિષ્ઠિત વ્યક્તિઓ પણ પોતપોતાના રાજ્યની તરફદારી કરવા લાગ્યા...જબરો પ્રદેશપ્રેમ દેખાયો. અને આ પ્રદેશપ્રેમના ઉભરામાં કર્ફ્યુ ને બંધનું એલાન અને પોલીસ ગોળીબાર વચ્ચે બે લોકોએ પાણીના નામે જિંદગી પણ ગુમાવી! અનેકો ટ્રીબ્યુનલો અને મીટીંગો છતાં પણ વર્ષોથી કાવેરીના જળ માટે આ બંને રાજ્યો લડે છે અને એવા લડે છે કે કોઈક દિવસ કાવેરી જ ક્યાંક પોતાનું વહેણ બદલીને બીજી બાજુ વહેવા માંડે નહિ...!

વહેણ તો કાશ્મીરમાં પણ બદલવાની કોશિશ થઈ રહી છે પણ કાશ્મીર જેનું નામ...!!! જેમ કાવેરી આ બે રાજ્યો સહીત કાયદા અને દિલ્હી સરકારના ગળે વળગેલો ઘંટ છે બિલકુલ એવી જ રીતે કાશ્મીરનું કોકડું લગભગ બધી જ સરકારને સત્તા સાથે ફ્રીમાં મળેલો શ્રાપ જ કહી શકાય. ૮ જુલાઈએ હિઝબુલના બની બેઠેલા કમાન્ડર બુરહાન વાનીનું સુરક્ષાદળો સાથે થયેલા એનકાઉન્ટરના એક દિવસ પછી શરુ થયેલી હિંસા લગાતાર બે મહિનાથી વધુ સમયથી ચાલુ છે. આ તોફાનોની ગંભીરતાનો ખ્યાલ એ વાત પરથી આવશે કે ઈદ જેવા પવિત્ર દિવસે પણ કાશ્મીરના ૧૦ જિલ્લાઓમાં કર્ફ્યુ નાખવો પડેલો. કાશ્મીરની આ આગમાં અત્યાર સુધીમાં ૮૦ લોકોના મોત અને લગભગ ૧૨૦૦૦ જેટલા લોકો (કે જેમાં તોફાનીઓ અને પોલીસ સામેલ છે) ઘાયલ થયા છે જો કે આ ઘાયલોમાં મોટાભાગના તો પેલેટ ગનના શિકાર છે. એવું નથી કે કોઈ પણ સરકારે કાશ્મીરીઓને ફરીથી નોર્મલ જિંદગી જીવવા માટેની તકો અને પ્રયાસો ના કર્યા હોય પણ ટીવી અને છાપાઓમાં પોલીસ પર પથ્થરમારો કરતા યુવાનોના દ્રશ્યો જેવી કલ્પના તો કોઈએ નહિ કરી હોય. સરકાર અને નેતાઓના પ્રયત્નો વચ્ચે જો કોઈ વધુ ફાયદો ઉઠાવતું હોય તો એ ત્રાસવાદીઓ અને પાકિસ્તાન પ્રેરિત ત્યાના નેતાઓ છે કેમકે એમને કાશ્મીર શાંત રહે એમાં રસ ના હોય એ સ્વાભાવિક હોય જો કે સેના મુસ્તેદ છે અને પોલીસ ચકોર એટલું સારું છે પણ જ્યાં સુધી કાશ્મીરીઓના દિલમાં એ વાત નહિ પહોચે કે આતંકવાદ અને હિંસાથી નહિ પણ વાતચીત અને શાંતિમાં જ એમનો વિકાસ શક્ય છે ત્યાં સુધી અલગતાવાદીઓ, આતંકવાદીઓ અને ઉપરથી રાજકારણીઓની ચક્કીમાં આમ કાશ્મીરીઓ પીસાયા કરવાના એ નક્કી છે..! જો કે પીસાયા કરવાનું તો અત્યારે કોમેડી કિંગ કપિલના નસીબમાં પણ લખ્યું હોય એવું લાગે છે..!! બહુમાળી ઈમારતના નવમાં માળે આવેલા પોતાના નવા ઘરના કોઈ સર્ટીફીકેટ માટે બોમ્બે મ્યુનિસીપલ કોર્પો. ના કોઈ અધિકારીએ માંગેલી પાંચ લાખની રીશ્વતની ફરિયાદ કપિલે ટ્વીટર દ્વારા પ્રધાનમંત્રીને કરીને સવાલ ઉઠાવ્યો કે 'ક્યાં યે હૈ આપકે અચ્છે દિન?' પીએમ ના અચ્છે દિનની તો ખબર નહિ પણ આ ટ્વીટથી કપિલના તો બુરે દિન શરુ થઈ ગયા..!! કપિલ જેવો માણસ ફરિયાદ કરે એટલે સ્વાભાવિક તંત્ર દોડતું થઈ જાય. મહારાષ્ટ્રના સીએમ એ પણ કપિલને નામો આપવા કહ્યું અને મામલાની તાત્કાલિક તપાસ શરુ થઈ પણ ક્લાઈમેક્સ હવે આવવાનો હતો. કપિલના ઘર પર તપાસ કરવા ગયેલી બીએમસીની ટીમે નવું તુત બહાર પાડ્યું કે કપિલે તો ખુદ એના ઘરમાં ગેરકાયદેસર બાંધકામ કરેલ છે! કપિલ તો ઉલમાંથી ચૂલમાં પડ્યો હવે ગેરકાયદેસર બાંધકામ બદલ ઉલટાનો કપિલ પર કેસ થયો અને સાબિત થાય તો ત્રણ વર્ષ સુધીની મહત્તમ જેલનો તખ્તો પણ ગોઠવાઈ ગયો છે. કપિલને હવે અહેસાસ થયો હશે કે ભ્રષ્ટ અધિકારીઓ કે તંત્ર સામે બોલતી વખતે આમ આદમીની શું દશા થતી હશે ? નો ડાઉટ કપિલે ગેરકાયદેસર બાંધકામ કર્યું જ હશે પણ એની ભાળ રાખવાની ફરજ ચુકનાર અધિકારીઓ અત્યારે તો આ કેસમાં આબાદ બચી ગયા છે અને ફસાઈ ગયો છે કપિલ..!!! જો કે પોલીસ તપાસ પછી કોર્ટમાં લેખિત ખાતરી આપીને અને ગેરકાયદેસર બાંધકામ હટાવીને કદાચ કપિલ બચી તો જશે પણ ત્યાં સુધી તો ગામ આખાને બાબાજી કા ઠુંલ્લું બતાવનાર ખુદ કપિલ અત્યારે તો ઉલ્લુ બની ગયો હોય એવો 'શો' ચાલુ છે!

શો તો અત્યારે યુપીમાં પણ જોરદાર ભજવાઈ રહ્યો છે. આ લખાય છે ત્યારે શુક્રવાર સુધીમાં કાકા શિવપાલ યાદવ, સીએમ અખિલેશ યાદવ અને આ બન્ને વચ્ચે પિતા/ ભાઈ મુલાયમસિંહ યાદવની 'યાદવાસ્થળી' જોરોમાં ચાલી રહી છે. યુપીની ચુંટણીને માત્ર પાંચેક મહિના જેવો સમય બાકી છે અને વિકાસપુરુષનું મહોરું પહેરીને યુપીનું શાસન સંભાળનાર યુવાન અખિલેશના ચાર વર્ષથી વધુના શાશનમાં પ્રજાએ અપેક્ષિત વિકાસ થયો નથી એવામાં આવનારી ચૂંટણીમાં બહેન માયાવતી અને ભાઈ અમિત શાહનો ઘોડો વિનમાં હોવાના પ્રાથમિક અહેવાલો પછી એક બાજુ સમાજવાદી પાર્ટીમાં હડકંપ છે એવામાં 'કાકા' શિવપાલ અને 'ભતીજા' અખિલેશનો અહમ સામસામે ટકરાઈ ચુક્યા છે. અસલમાં સમાજવાદના નામે મુલાયમે જ્ઞાતિવાદ અને પરિવારવાદને જે પ્રોત્સાહન આપ્યું છે એના પરિણામો આજે કુટુંબમાં જ લાગેલી આ આગના સ્વરૂપે દેખાઈ રહ્યા છે. મુલાયમે લગભગ બધું સુકાન અખિલેશને આપી દીધેલું છે પણ કુટુંબપ્રેમને લીધે શિવપાલ કે રામપાલ જેવા ભાઈઓને પણ અન્યાય કરી શકે એવી સ્થિતિમાં નથી જયારે બીજી બાજુ શિવપાલ માટે અખિલેશ પર વિજય મેળવવો એટલા માટે જરૂરી છે કે નહિતર આવનારા દિવસોમાં શિવપાલ ક્યાય ફેંકાઈ શકે છે. કાકા–ભતીજાની લડાઈમાં અમરસિંહ અને આઝમખાન જેવાઓને કેટલો ફાયદો કે નુકશાન થાય છે એ જોવા કરતા પણ વર્ચસ્વની આ લડાઈમાં કોણ જીતે છે અને એનું આવનારી યુપી ચૂંટણીમાં શું પરિણામ આવે છે એના પર આપણી તો ઠીક પણ મોદી, માયાવતી અને સોનિયાની પણ નજર હશે જ...!



### રજવાડાપાટ

અજય ઉપાધ્યાય

નજર તો કેજરીવાલની પણ છે...પણ પંજાબ ઉપર..! યસ નશાખોરી અને ભ્રષ્ટાચારના આરોપોવાળી બાદલ સરકાર આવતી ચૂંટણીમાં ઘર ભેગી થવાની છે એવા વાવડ વચ્ચે 'આપ' અને અરવિંદ પંજાબ પર નજર જમાયે બૈઠે હૈ અને હમણાં સુધી તો આપની તરફેણમાં પવન પણ જોવા મળતો હતો પણ નવજોત સિદ્ધુ પ્રકરણ અને ખાસ તો દિલ્હીની એમની સરકારના પ્રધાનોના ' ચલ્ચીત્રીય ' કરતૂતો બહાર આવ્યા પછીથી અરવિંદના સઢમાંથી હવા નીકળતી જાય છે . હવેલી લેતા ગુજરાત ખોઈ ની જેમ ડર છે કે ક્યાંક પંજાબ અને બીજા રાજ્યોમાં પગપેસારો કરવામાં આપના પગ નીચેથી દિલ્હી તો સરકી નથી રહી ને ક્મકે સતત બધી જ વાતમાં ઉપરાજ્યપાલ અને મોદીને જવાબદાર ઠેરવવાની આપની રમત હવે બાલીશતા અને મજાકને પાત્ર બનતી જાય છે અને ઉપરથી દિલ્હીમાં હમણાં જ પડેલા ભારે વરસાદથી ચારેકોર ભરાયેલા ઓલમોસ્ટ ૫-૧૦ ફૂટ પાણીથી ત્રસ્ત દિલ્હીની જનતા અને હાલમાં ચાલી રહેલા ચીકનગુનિયા જેવા બનાવોમાં આપ સરકારની નિષ્ફળતા પછી તો દિલ્હીની જનતા પણ વિચારે ચડી ગઈ છે કે આપણે કોને ચુંટ્યા છે—મોદી ને, નજીબ જંગ ને કે કેજરીવાલ ને ?

વિસામો : ગુજરાતી ફિલ્મમાં ઘણા વર્ષે આવેલી થ્રીલર વાર્તા, બધા જ કલાકારોનો અદ્ભૂત અભિનય, એકદમ બોલીવુડ ફિલ્મ જેટલું ઊંચું પ્રોડક્શનનું સ્તર અને ગુજરાતી અર્બન ફિલ્મોના બદલાતા પ્રવાહમાં જુદી જ ભાત પાડતી ફિલ્મ એટલે એક ગુજરાતી તરીકે અને સારા સિનેમાના પ્રયાસોને વધાવવારૂપે જરૂર જોવા લાયક ફિલ્મ...'રોંગ સાઈડ રાજુ'...!